

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

*✱ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૭ : 'ભરતજીના આખ્યાનનું'નું નિરૂપણ,*
*૧૮ ફેબ્રુઆરી ૨૦૧૭, બ્રહ્મજ્યોતિ, મોગરી*

***શ્રીજીમહારાજ** બોલ્યા જે, 'શ્રીમદ્ ભાગવત'માં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે, તેવી તો કોઈ કથા ચમત્કારી નથી.*

મહારાજે 'ભરતજીનું આખ્યાન' ચમત્કારી કહ્યું. આ કથા જેવી ચમત્કારી છે તેવી કોઈ કથા ચમત્કારી નથી. શું ચમત્કાર છે ? કહો.

***કેમ જે, ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. અને ત્યાં ભગવાનનું ભજન કરતાં થકાં મૃગલીના બચ્ચાને વિષે પોતાને હેત થયું.***

ભરતજી, જૈનોમાં જે તીર્થંકર ઋષભદેવ થઈ ગયા તેમના દીકરા હતા. ચક્રવર્તી રાજા હતા છતાં ભગવાનને ભજવા માટે, ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે, ભગવાનની પ્રાપ્તિ માટે તેઓ રાજ છોડીને પણ વનમાં તપશ્ચર્યા કરવા ગયા. પહેલાં આપણા સંતો હંમેશાં નદી કિનારે વસતા. નર્મદા અને ગંગા આ બે નદીઓના કિનારે વધારેમાં વધારે આશ્રમો છે. સાધુ-સંતો-ત્યાગીઓને પાણીની બહુ જરૂર પડે તેથી નદી કિનારે જ બધા વસતા હોય. નદી કિનારાની આજુબાજુની જમીન ફળદ્રુપ હોય એટલે ઝાડ-પાન-ફળ બહુ હોય તેથી ફળ-ફળાદિ મળી રહે, ખાવાનું મળી રહે. અને આજુબાજુની પ્રજા પણ સુખી હોય એટલે આ ભરતજી પણ રાજપાટ છોડીને નદી કિનારે ઝૂંપડી બાંધીને રહેતા હશે. ત્યાં કોઈ મૃગલું પાણી પીવા ગયું હશે તેને મારીને શિકારી લઈ ગયો, પણ તેનું બચ્ચું પડી રહ્યું હતું. સવારે નદીએ ભરતજી નહાવા ગયા હશે ત્યાં એમણે આ બચ્ચું જોયું એટલે દયાથી, 'આ બચારાનું કોણ ?' એમ કરીને તેને આશ્રમમાં લઈ આવ્યા. ઘણા માણસો દયા બહુ ખાતા હોય છે.

***ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ.***

ભરતજીએ મૃગબચ્ચાને હેત-પ્રેમથી ઉછેર્યું. રમાડે, જમાડે, નદીમાં નવડાવે એમ આખો દિવસ ભજન-ધ્યાન કરતાં કરતાં આ મૃગબાળને વિશે હેત થઈ ગયું. જેને વિશે બહુ સુવાણ હોય એને વિશે હેત થઈ જાય. જો સદ્‌ગુરુ સંતને વિશે હેત થાય તો બેડો પાર થઈ જાય. આમણે રાજપાટ છોડ્યું, પોતાની સ્ત્રી છોડી, છોકરાં છોડ્યાં, નોકર-ચાકર, સુખ-સાહ્યબી બધું છોડ્યું, પણ એક મૃગલાને વિશે હેત થઈ ગયું. એટલે જ્યારે અંત સમય આવ્યો ત્યારે એમને એમ થયું કે, 'મારા ગયા પછી આ મૃગલાનું કોણ ?'

***પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો.***

જોયું, એવા મોટા હતા, ત્યાગી હતા, રાજપાટ બધું છોડ્યું હતું. જગતની દૃષ્ટિએ તો આ બહુ ત્યાગ કહેવાય, તોપણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. મહારાજે અહીં 'પાપ' શબ્દ વાપર્યો છે.

શાસ્ત્રીજી મહારાજના વખતમાં એક હરિભક્ત હતા. શાસ્ત્રીજી મહારાજના અનન્ય ભક્ત હતા, એમના શિષ્ય હતા. એમના ખેતરમાં-ઘરમાં આગ લાગી, એટલે બધા હરિભક્તોએ આવીને સ્વામીને કહ્યું કે, 'સ્વામી, આને ત્યાં આગ લાગી તેમાં ઘર સળગી ગયું, ગોડાઉન સળગી ગયું, બધું સળગી ગયું.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા, 'પાપ બળી ગયું.' આ સાંભળી બધા ભક્તો આશ્ચર્યમાં પડી ગયા કે, સ્વામી આમ કેમ બોલ્યા ?

ભગવાનનો આશરો થયો, ભગવાનના સત્પુરુષને વિશે આત્મ-બુદ્ધિ ને પ્રીતિ થઈ, એટલે એના જેવો કોઈ પુણ્યશાળી નથી. શાસ્ત્રોમાં, 'વચનામૃત'માં મહારાજે કહ્યું છે કે, આ પ્રાપ્તિ થઈ, આ સત્સંગ મળ્યો, આ સાધુ મળ્યા, આ ભગવાન મળ્યા એટલે આપણા પુણ્યનો પાર નથી; તો પછી પાપ રહ્યું જ ક્યાં

પછી ? પણ શાસ્ત્રીજી મહારાજે શબ્દ વાપર્યો, 'પાપ બળી ગયું.' એ આ કે, ભગવાન સિવાય, ભગવાનના સાધુ સિવાય, ગુરુ સિવાય બીજામાં તમારી વૃત્તિ રહે છે એ પાપ કે જેણે ભરતજીને બીજો જન્મ લેવડાવ્યો. પ્રવૃત્તિ કરો, આશ્રમો કરો, ફૅક્ટરીઓ કરો, સ્કૂલો-કૉલેજો કરો, મોટાં મોટાં ફંકશનો કરો, પણ એની પાછળની આપણી વૃત્તિ, આપણી પ્રવૃત્તિ ગુરુની આજ્ઞા પાળવાની ને ભગવાનને રાજી કરવાની હોવી જોઈએ. એ સિવાય બીજી વૃત્તિ છે એ પાપ છે.

શાસ્ત્રીજી મહારાજ જેવા દિવ્ય પુરુષે કહ્યું કે, 'સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજાનું જે અધિકપણું મનાઈ જાય છે એ 'પાપ' બળી ગયું.' હવે 'ભલું થયું ભાંગી ઝંઝાળ, સુખે ભજીશું શ્રીગોપાળ' - ભગત નવરો થઈ ગયો એટલે હવે માળા ફેરવશે. ભરત રાજાએ જે ત્યાગ કર્યો એને જગત બહુ મોટું માને. આપણે બધા ત્યાગી છીએ. આપણે બહાર જઈએ તો આપણને માન-સન્માન શેનું મળે છે ? ત્યાગનું, કે અહોહો ! આમણે સંસાર છોડી દીધો, ભગવાનને અર્થે જીવન સમર્પિત કર્યું ! આપણને કંઈ એવું લાગતું નથી કે, આપણે ત્યાગ કર્યો છે, કારણ કે એમના હેતે કરીને બધું છૂટી ગયું છે. પણ હવે છોડવાનું અંદરનું છે. ભગવાન ને ભગવાનના સાધુને રાજી કરવા સિવાયની અંદર ખૂણે-ખાંચરે આપણી કાંઈ પણ વૃત્તિઓ હોય એ ખંખેરાઈ જાય એ વૈરાગ્ય. અને શાસ્ત્રીજી મહારાજ જ્યારે બોલ્યા કે, 'પાપ બળી ગયું.' ત્યારે બધા આશ્ચર્યમાં પડી ગયા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે આ 'વચનામૃત' વંચાવ્યું કે વાંચો, આ ગઢડા છેલ્લાનું ૧૭મું વચનામૃત.

આ વચનામૃતમાં મહારાજે શબ્દ વાપર્યો છે, 'ભરત રાજા મોટા હતા.' તેઓ ત્યાગીના શિરમોર સમાન હતા. કોઈ રાજપાટ છોડે ? સુખ-સુવિધાઓ છોડે ? એવી કઈ થપ્પડ વાગી તે બધું છોડ્યું ? આપણને એવી કઈ થપ્પડ વાગી કે આપણે ત્યાગ કર્યો ? આવો ત્યાગ કર્યો તો પણ મહારાજે અહીં આપણને લાલબત્તી બતાવી કે, દયાએ કરીને, ભગવાનની ઈચ્છા વગર, ભગવાનના સાધુ-ગુરુની ઈચ્છા વગર બીજે જવાની, બીજું કરવાની વૃત્તિ થાય છે; આવા પાપે કરીને જન્મ-મરણના ચકરાવામાં ફરવું પડે.

ભરત રાજા મૃગલાને આશ્રમમાં લઈ આવ્યા એમાં તેઓને બીજું કોઈ પ્રયોજન નહોતું. મૃગલું કંઈ એમનું સગું-વહાલું હતું ? કોઈ નહાવા-નિચોવવાનોય સંબંધ નહોતો. પણ 'બચારું બચ્ચું છે, નાનું છે' એમ વિચારી તેને આશ્રમમાં લઈ ગયા ને એને રમાડ્યું, એની સેવા કરી; એમાં તેઓ બંધાઈ ગયા. મનન-ચિંતવન એનું થઈ ગયું. મનન-ચિંતવન ભગવાનનું થવું જોઈએ, મનન-ચિંતવન ગુરુની આજ્ઞા પાળવાનું થવું જોઈએ, મનન-ચિંતવન ભગવાન રાજી ના થાય એવી વસ્તુઓથી દૂર રહેવાનું થવું જોઈએ.

ત્યાગી થયા એટલે કાંઈ પતી ગયું ? ના. ભગવાન સિવાયનું બીજું કાંઈ પણ આપણી અંદર ખૂણે-ખાંચરે હોય એને છોડવાનું છે, એ સાચો ત્યાગ છે. ઉપરથી છોડીએ છીએ તે ત્યાગ છે અને અંદરથી છૂટે છે તે વૈરાગ્ય છે. એટલે નિષ્કુળાનંદસ્વામીએ ગાયું કે, 'ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જી.' જો એવો વૈરાગ્ય નહીં હોય તો ભરત રાજા જેમ મૃગલામાં બંધાયા, એમ આપણને તો ઘણાં બધાં મૃગલાં છે, એમાં બંધાવાના છીએ. પછી એના અર્થે સમય પસાર કરવાનો, એના અર્થે તમારી આવડત, હોશિયારી - તમારી પાસે જે કાંઈ છે તે વાપરશો અને એમાં સુખ લેશો. સુખ ભગવાનની મૂર્તિનું લેવાનું છે, સુખ ભગવાનની પ્રસન્નતાનું મેળવવાનું છે, સુખ એક ભગવાન રાજી થાય એવું જીવન જીવવામાં મેળવવાનું છે; અને એ સિવાયનું જે બધું છે એને 'પાપ' કહ્યું. શાસ્ત્રીજીમહારાજ એટલે બોલ્યા કે, 'પાપ બળી ગયું.' એ આ પાપ.

***ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ.***

ભરતજીને જેની લેવાદેવા નહીં, કોઈ સગું-સગપણ નહીં તેમ છતાં મનની વૃત્તિ મૃગને આકારે થઈ ગઈ. એના કરતાં ભલા માણસ સંસારમાં રહ્યા હોત તો ગરમગરમ ખાવાનું તો મળત ! પણ ત્યાગ કર્યો, ફળ-ફળાદી ખાઈને રહ્યા, સંસાર છોડ્યો, સંસારનાં સુખ છોડ્યાં ને પછી આવાં મૃગલાં ભેગાં કરો ! અને એને લઈને ભાવફેર કરો, એને લઈને ભક્તો સાથે અથડાવ, કોઈ મદદ કરે-ના કરે તો એને વિશે અભાવ આવે; તો પ્રારબ્ધ ઊભાં કરો છો. તો એ પાપે કરીને ઊભાં થયેલાં પ્રારબ્ધ પછી જન્મ-મરણના ચકરાવામાં ફરી ફરીને છોડવાં જ પડશે. એટલે આ ચમત્કારિક આખ્યાન કહ્યું. ભરત રાજાએ આટલો બધો ત્યાગ કર્યો, રાજપાટ છોડ્યું, સંસાર છોડ્યો, રાણીઓ છોડી, છોકરાઓ છોડ્યા, સંસારની સુખ-સાહ્યબી છોડી એટલે એમાં ન બંધાયા પણ એક મૃગલામાં બંધાયા ને મૃગલાનો જન્મ પામ્યા-એ ચમત્કાર કહેવાય ને !

આપણે જાગ્રતતા રાખવાની અને ભરત રાજાના આખ્યાનમાંથી એ શીખવાનું કે, પ્રભુ અને ગુરુ સિવાય કશામાં બંધાવું નહિ. સંસારમાં કોઈ ગમે

ભગવાન ને ભગવાનના સાધુને
રાજી કરવા સિવાયની
અંદર ખૂણે-ખાંચરે
આપણી કાંઈ પણ વૃત્તિઓ હોય
એને ખંખેરવાની છે.





**ભગવાન ને સત્પુરુષ સિવાય બીજે હેત કરવું - હેત થઈ જાય છે, કરવું નથી પડતું ; એ અતિ મોટું પાપ છે. જેને ભગવાનનો આશરો થયો, ભગવાનના સત્પુરુષને વિશે આત્મ-બુદ્ધિ ને પ્રીતિ થઈ, એના જેવો કોઈ પુણ્યશાળી નથી.**

એટલો દુઃખી થતો હોય તો પ્રાર્થના કરો, મદદરૂપ થાવ. ભરત રાજાએ મૃગલાની પાછળ કેટલો બધો ટાઈમ કાઢ્યો ! એ ટાઈમ કાઢ્યો એમાં પણ વાંધો નહીં, પણ મૃગલામાં બંધાયા એટલે ભગવાન ખસ્યા એટલે મૃગલામાં જન્મ્યા. બધું છોડ્યું હતું તો છેલ્લો જન્મ થઈ જવો જોઈએને ! આ ચમત્કારિક આખ્યાન એટલા માટે કે, આત્માના કલ્યાણ માટે બધું છોડ્યું છતાં મૃગલું થઈને જન્મ્યા.

***પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો.***

ભગવાન ને સત્પુરુષ સિવાય બીજે વૃત્તિ જાય છે એ પાપ; એ પાપે કરીને પ્રારબ્ધ ઊભાં થાય. અને એ પ્રારબ્ધ ધોવાં માટે વારે વારે સંસારમાં આવવું પડે. એ પ્રારબ્ધ જ્યાં સુધી ના ધોવાય ત્યાં સુધી આવ્યા જ કરવું પડે, નહીંતર છેલ્લો જનમ તો થઈ ગયો છે આપણો ! જાણીએ છીએ, સમજીએ છીએ પણ પોતાના ચકરડામાંથી, પોતાની માન્યતામાંથી, પોતાનામાંથી નીકળવાની આપણી તૈયારી નથી. ડાયાબિટીસ હોય તો મીઠાઈ ના ખવાય, તોય ખાઈએ તો મુશ્કેલી આપણને જ થાય છે. એમ, સંસાર છોડ્યો, સંસારના રસ છોડ્યા, તોય ભગવાન રાજી થાય એ સિવાયની બધી પ્રવૃત્તિ કરીએ છીએ તો પ્રારબ્ધ જ વીંટીએ છીએ. ભરત રાજાએ ત્યાગી થઈને કેટલાં બધાં કષ્ટ સહન કર્યાં ! પણ એક મૃગલામાં દયાએ કરીને બંધાયા તો જનમ લેવો પડ્યો.

***માટે અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.***

અનંત પ્રકારનાં પાપ કહ્યાં છે, પણ એ પાપમાં પણ ભગવાનના ભક્તે ભગવાન સિવાય બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે. આપણે બધા ભગવાનના ભક્ત છીએ, એમાં વળી આપણે ત્યાગી છીએ, ગૃહસ્થો છે તોપણ ત્યાગી જેવા છે. પણ ભગવાન ને સત્પુરુષ સિવાય બીજે હેત કરવું - હેત થઈ જાય છે, કરવું નથી પડતું ; એ અતિ મોટું પાપ છે. હેતે કરીને જ ખેંચાઈએ છીએ, હેતે કરીને જ બધી પ્રવૃત્તિઓ એના માટે ચાલુ કરીએ છીએ, એ અતિ મોટું પાપ છે. તેથી ભગવાન ભુલાય છે, ભગવાનને રાજી કરવાના માર્ગથી ડાઈવર્ટ થઈએ છીએ એ પાપ છે. પાપ બીજું કયું ?

અરે ભાઈ તું ભગવાનને રાજી કરવા નીકળ્યો છે, ભગવાનના થઈને જીવન જીવવા નીકળ્યો છે. તો ભગવાનના સંબંધી, ભગવાનના ભક્તોની સેવા, ભગવાનના ભક્તોનાં ગુણગાન ને મહિમા ગાવાં, ગુરુની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિમાં જોડાયેલા રહેવું ; એના બદલે તમે તમારી ઈચ્છા પ્રમાણે ડાઈવર્ટ થયા છો તો એ અતિ મોટું પાપ છે, એ પ્રારબ્ધ છે.

***માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિ બીક લાગે જે, 'રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય !'***

જે સમજુ છે, જાગ્રત છે, ચેતન છે અને જેનામાં ભગવાનને રાજી કરવા માટેની સમજદારી છે એના માટે કહે છે મહારાજ. જે સમજુ હોય એ જો ભરત રાજાની વાત વિચારે તો બીજાની સાથે હેત કરતા, બીજાની પ્રવૃત્તિમાં જોડાતા, બીજાને મદદરૂપ થતા એને અતિશય બીક લાગે. રખે ભગવાન ભુલાશે કે ભગવાનને મૂકીને બીજું થશે ! પ્રવૃત્તિ કરો બધી, ભગવાને ના નથી પાડી, યાદ રાખો ! ભક્તોને મદદ પણ કરો, ના નથી પાડી. પણ સબ્જેક્ટ ટૂ. મારા ભગવાન રાજી થતા હોય, મારા ગુરુની આજ્ઞા હોય તો આખા જગતનું રાજ કરવું છે. જે સમજુ હોય એ આ વાતને આ આખ્યાનને વિચારે તો એને ખ્યાલ આવે કે, 'ભગવાનને ભૂલીને કે ભગવાનના થઈને જીવન જીવ્યા સિવાય મારે કાંઈ કરવું નથી.'

જગતમાં બધાને કંઈ સુખિયા કરવા માટે, બધાનાં દુઃખમાં મદદરૂપ થઈને એમનાં દુઃખો દૂર કરવા માટે આપણે નથી આવ્યા. એ કરવાનું હશે તો ભગવાન આપણને કહેશે કે, 'જાવ કરો.' ત્યારે મંડી પડવાનું. પણ, ભગવાનના થઈને જીવન જીવી, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનું કામ થતું હોય એ પ્રવૃત્તિમાં ૧૦૦% જોડાઈ અને ભગવાનના ભક્તોની સેવા-ભક્તિ કરવી છે બસ !

મૃગલાનો અવતાર લીધો પછી ભરત રાજાને એવી ધાક પેસી ગઈ કે, ત્યાગ કર્યો, સંસાર છોડ્યો, સંસારનાં સુખ છોડ્યાં, સુખ-સુવિધાઓ છોડી તોય મૃગલું થઈને જન્મવું પડ્યું ! પણ જ્ઞાન ગયું નહીં. આપણે જે તપ કર્યું છે, જે વ્રત કર્યું છે, ભગવાનને સમર્પિત થઈને જે કંઈ પણ કર્યું છે એ કદી એળે નથી જતું, લખી રાખો. એમ ભરત રાજાની એ તપશ્ચર્યા, એ ત્યાગ, એ વૈરાગ્ય એળે ના ગયા. મૃગલામાં જન્મ લીધો, પણ એ મૃગલાનું આયુષ્ય પૂરું કરીને પછી જન્મ્યા તો માણસ થયા અને બ્રાહ્મણના ઘરે જ જન્મ્યા. તો જડભરત અવસ્થામાં રહ્યા. કોઈની સાથે બોલે નહીં, કોઈને પ્રેમ ના કર્યો, કોઈના કામમાં ઈન્વૉલ્વ ના થયા. એ સમજીને-જાણીને જડભરત થયા કે, મારે જગતના

કોઈ માણસ સાથે જોડાવું નથી, ભગવાન ના હોય એવી જગતની કોઈ પ્રવૃત્તિમાં જોડાવું જ નથી; તો તીર્થંકર થઈ ગયા પાછા. ઋષભદેવ ભગવાન પણ તીર્થંકર હતા અને જડભરત પણ તીર્થંકર થયા. પણ એક જનમ લેવો પડ્યો, એ ચમત્કાર થયો. તો આપણે તો કેટલું બધું કરવું પડે !

કોઈએ યોગીબાપાને પૂછ્યું, ભરતજીને તો એક જ મૃગલું હતું અને અમારે તો કેટલાં બધાં મૃગલાં છે ? આંખ બંધ કરીને આપણે જો વિચાર કરીએ તો કેવા કેવાની સાથે અમે સામેલ થઈએ છીએ તો અમારે કેટલા જનમ લેવા પડશે ?' ત્યારે બાપાએ કહ્યું, 'ભરતજીને જે નહોતા મળ્યા એ તમને મળ્યા છે.' આપણાં મૃગલાં ભગવાન ઉડાડશે. પણ એ મૃગલાં જ્યારે ભગવાન ઉડાડે ત્યારે ભગવાનના હાથ બાંધી ના દઈએ. ભગવાનના ભક્તોને વિશે ભાવફેર ના કરીએ, સંતને વિશે મનુષ્યભાવ ના લઈએ તો બધાં મૃગલાં નાશ પામી જશે. પણ એવા બળિયા ના હોઈએ, ભજન ના કરતા હોય, એવું સેવાનું બળ ના હોય તો ભગવાન જ્યારે મૃગલાં ખસેડે ત્યારે ભગવાનને વિશે ભાવફેર થાય, સાધુને વિશે ભાવફેર થાય અને મદદ ના કરે એવા ભક્તોને વિશે પણ ભાવફેર થાય; એટલે પાછું ફરી પ્રારબ્ધ ઊભાં કરીએ. એટલે ભગવાન એવાનાં મૃગલાં હટાવતાં નથી.

પ્રથમ ૩૭ના વચનામૃતમાં ભગવાન કહે, 'અમે અમારા ભક્તોને દુઃખવતા થકા બીએ છીએ.' ભગવાન કોઈ દિવસ બીતા હોય ? પણ આપણે દુઃખી થઈએ, ભાવફેરમાં પડી જઈએ, માથાકૂટ કરીએ એટલે ભગવાન આપણને છંછેડે નહીં. ઘણા છોકરા એવા હોય તો આપણે એને છંછેડીએ નહિ ને કહીએ કે, 'જવા દે, એનું નામ ના લઈશ, એને જેમ કરવું હોય એમ કરવા દે ને ભલા માણસ; વગર કામનો એ દુઃખી થશે.' એટલે મહારાજ કહે છે, આ ભગતને છંછેડવાથી ભાવફેરમાં પડી જશે ને વગર કામનો પાછી એક વરસને બદલે પાંચ વરસ સાધના લંબાઈ જશે. એટલે મહારાજ પછી આપણી 'હા'એ 'હા' કરતા હોય. એ ભગતે જાગ્રત રહેવું પડે. ભગવાન આપણા ઉપર રાજી હોય, સત્પુરુષ રાજી હોય તો અંદરનાં બધાં મૃગલાં ખંખેરાઈ જવાં જોઈએ.

ભરતજીની વાત એ પરોક્ષની વાત છે, પણ જો વિચારીએ તો જે સમજુ હોય એને અંતરમાં અતિશય બીક લાગે, યાદ રાખો ! જેને સમજદારી નથી એને તો ગમે એટલી વાતો થાય તો પાછા એવા ને એવા. પણ સમજદાર છે એને તો અતિશય બીક લાગે કે, 'ભરતજીને એક મૃગલાને કારણે એક જનમ લેવો પડ્યો તો આપણે તો કેટલા જનમ લેવા પડશે ?'

ભગવાન સિવાય બીજે કોઈ જગ્યાએ હેત થાય એ પાપ છે, ભગવાને એ કહ્યું. આપણા માટે બીજું કશું પાપ નથી. ભગવાનના ભક્તને, ભગવાનના સાધુને પાપ કયું ? તો ભગવાન સિવાય, ભગવાનના સાધુ સિવાય બીજે હેત થઈ જાય, એની સ્મૃતિ થાય, એ સાંભરે, એના કામમાં જઈએ; તો ભગવાન કહે એ પાપ છે. જે સમજુ હોય એને તો અતિશય બીક લાગે કે, રખેને ભગવાન સિવાય બીજે વિશેષતા મનાઈ જાય !

***અને ભરતજી જ્યારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણને ઘેર અવતર્યા, ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહીં ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમ જ રહેતા હવા.***

ભરતજી બ્રાહ્મણને ઘેર અવતર્યા ને સંસારના કોઈ વ્યવહારમાં પડ્યા જ નહીં. જાણી જાણીને ગાંડાની જેમ વર્ત્યા અને ભગવાન સિવાય કશામાં રહેવું નથી એવી રીતે 'જડભરત' અવસ્થામાં રહ્યા. ભરતજીનું ચમત્કારિક આખ્યાનનું આ વચનામૃત આપણે બધાએ સમજવા જેવું છે. યાદ રાખો, પ્રવૃત્તિ કરવાની છે, બધેય જવાનું છે, બધાના કામમાં મદદ કરવાની છે; પણ ભગવાન ને ભગવાનના સંતો ના ચુકાવા જોઈએ. એ ભગવાનના ભક્તોમાં ભાવફેર ના કરાવવું જોઈએ.

હેત કોને કહેવાય ? દિવ્ય હેત ને સામાન્ય હેત. સામાન્ય હેત – સ્થૂળ દેહનું હેત હશે તો એમાં આડા આવતા, એમાં મદદરૂપ નહીં થનારને વિશે ભાવફેર થશે, યાદ રાખો ! એની જોડે કકળાટ–કંકાસ કરશો. દિવ્ય હેત હશે તો ભાવફેર નહીં કરાવે. આત્મામાં બળ આપશે, આત્મામાં ભગવાન સિવાયની બીજી બધી વસ્તુઓ છે એ છૂટી જશે. સાધુ સાથેનું હેત, સંતો સાથેનું હેત ને ભક્તોને મદદરૂપ થવાનું હેત એ દિવ્ય છે, જે ભગવાનની વિશેષ ને વિશેષ નજીક લઈ જશે. એ સિવાયનું ભગવાનથી દૂર લઈ જાય એવું જે હેત છે, એ 'પાપ' છે. એ મહારાજે ના પાડી છે. એટલે પ્રવૃત્તિ કરવાની, પણ જાગ્રતતા આ રાખવાની કે, ભગવાન ને ભગવાનના સાધુ ગૌણ ના થવા જોઈએ. મુખ્ય રહેવા જોઈએ.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

સાધુ સાથેનું હેત, સંતો સાથેનું હેત ને
ભક્તોને મદદરૂપ થવાનું હેત એ દિવ્ય છે,
જે ભગવાનની વિશેષ ને વિશેષ નજીક લઈ જશે.
એ સિવાયનું ભગવાનથી દૂર લઈ જાય
એવું જે હેત છે, એ 'પાપ' છે.

